# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

નથી એકમત કોઇ, મુદ્દા પર સૌ અંટાય છે,
મોટી મહત્ત્વાકાંક્ષાના માર્ગે વિચારો ફંટાય છે,
રટાય છે સદ્ભાવના, મુરાદે બૂરખો ઓઢીને -
નકારાત્મક વિચારોનું એસીડ છંટાય છે..

**હાઇકુ**

ઉડી શકે ના,
સીબીઆઇ-પોપટ
પાંખ કાપેલો..
(સત્તા વિનાનું સ્વાતંત્ર્ય)

પોલીસ બેડે
અવિશ્વાસનાં પૂરે
છે નાશભાગ..
(સરકાર-પોલીસમાં તડ!)

## ચિંતન

**સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાન્ન બ્રૂયાત્ સત્ય પ્રિયમ્ ।**
**પ્રિયં ચ નાનૃતં બ્રૂયાદેષ ધર્મઃ સનાતનઃ ॥**

'સદા પ્રિય વચન બોલવું, સામેની વ્યક્તિને પ્રિય લાગે એવું તો બોલવું જ પણ સામેની વ્યક્તિને દુઃખ પહોંચે એવું કડવું સત્ય પણ ન બોલવું... પણ એની સાથે સાથે સામેની વ્યક્તિને સારૂં લગાડવા માટે જુઠ્ઠું હોય છતાં 'સત્ય' નામે કહેવું નહીં. સનાતન ધર્મ - બધા ધર્મોની આ શિખામણ ઉપદેશ છે.'

માણસની વાણી-ભાષા-જીભને અગ્નિ સાથે સરખાવવામાં આવી છે અગ્નિ જરૂર પ્રમાણે હુંફ આપે છે રસોઇ ઘરમાં ઉપયોગી પણ છે અને જો યોગ્ય આવડત અને ઉપયોગની જાણ ન હોય તો દઝાડે પણ છે. કડવા સત્ય, આડવાણી, કટુ ભાષા કે વિચાર્યા વિના - અસંદર્ભનું બોલનાર ને દઝાડે પણ છે નઠારા બોલ-ગાળો-અવિવેકમય ભાષા હૃદયમાં શૂળની જેમ ખૂંચે છે અને પીડા-વેદના પણ પહોંચાડે છે.

માટે બોલનારે ખૂબ જ સાવચેતી પૂર્વક વિચારી-વિચારી મારા એક શબ્દની અસર સામેની વ્યક્તિને શી થશે! એનો વિચાર કરી - પછી જ બોલવું જોઇએ.

સત્ય બોલવું સારૂં જ છે પણ કોઇને સત્ય બોલવાથી આઘાત-દુઃખ-નૂકશાન થાય એવું સત્ય પણ ન બોલવું - નીતિશાસ્ત્રોમાં ક્યારે - કેવી રીતે શું બોલવું એનું માર્ગદર્શન આપ્યું છે.

## સુવિચાર

- કોઇ પણ આશાવાદીની વાત ને તોડી પાડશો નહીં, શક્ય છે એની પાસે માત્ર એક જ આશા હોય **- સંત રોબીનસન**
- શ્રદ્ધા અને વિશ્વાસમાં ફરક છે, વિશ્વાસનો સંબંધ બુદ્ધિ સાથે છે, અને શ્રદ્ધાનો સંબંધ હૃદય સાથે છે **- ઓશો**
- જયારે આપણે કોઇ બીજા માટે શુભકાર્ય કરવાનો સંકલ્પ કરીએ છીએ ત્યારથી જ આપણો શુભ સમય શરૂ થઇ જાય છે **- હરિન્દ્ર દવે**
- આ તે કેવો વિકાસ : મકાનો ઊંચા પણ વિચારો નીચા છે, વાહનો માટે રસ્તા પહોળા પણ દિલની ગલીઓ સાંકડી થતી જાય છે **- ડો. સૈયદ**
- પસંદગી તમારા હાથમાં છે : સ્નેહમાં સંસ્કૃતિ છે, વેરમાં વિકૃતિ છે, સ્નેહમાં કબૂલાત છે, વેરમાં વકીલાત છે, સ્નેહમાં મિલાપ છે, વેરમાં વિલાપ છે, સ્નેહમાં સર્જન છે, વેરમાં વિસર્જન છે **- એસ. ભટ્ટાચાર્ય**
- વ્યંગ-કટાક્ષના તીર સહન કરવા ક્ષમાશીલ છાતી અને રસિક સ્વભાવ જોઇએ **- દિપક આશરા**

## બોધ કથા

ગાંધીજી આવેલા પત્રોમાંથી ટાંકણી કાઢી લેતા કવરને ઉલ્ટાવી તેના કોરા ભાગ પર લખાણ કરતા - શક્ય એટલી કરકસર કરતા.

એકવાર ગાંધીજીને દાર્જીલીંગથી ઢાકા જવાનું હતું ત્યાં સભાને સંબોધન કરવાનું હતું સમય અને તારીખ નિશ્ચિત થઇ ગયા હતા.

પરંતુ બાપુ અને મહાદેવભાઇ કલકત્તાથી દાર્જીલીંગ મોડા પહોંચ્યા - એ દરમિયાન દાર્જીલીંગથી ઢાકા જનારી ટ્રેન ઉપડી ગઇ. હવે બીજે દિવસે જ એ ટ્રેન મળે, એમ હતું.

**મહાદેવભાઇએ બીતે બીતે કહ્યું ઢાકાની સભા મોકુફ રાખ્યા સિવાય બીજો ઇલાજ નથી. સિવાય કે 'ટેક્ષી' કરીને જઇએ!**

**ગાંધીજીએ કહ્યું - મહાદેવ! જો હું ગવર્નર ને મળવા માટેનાં સમયનું સૂચન પાલન કરતો હોઉં તો ઢાકાની પ્રજા માટે પણ મને એટલું જ માન હોઉં જોઇએ. સભાના સમય અને તારીખમાં કંઇ જ ફેરફાર નહીં થાય. ટેક્ષીનું જે ભાડું થાય તે થાય - મને એની ચિંતા નથી.**

**આમ યોગ્ય કરકસર કરનાર બાપુને, સમય-પાલન માટે ભલેને હજારો ખર્ચાઇ જાય એની પણ પરવા ન હતી.**

Email - sureshchandrabhatt18@gmail.com

# સૂર્યનારાયણે તો સંક્રણ કર્યું.... આપણે ક્યારે?

**ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે...**

- હર્ષદ પ્ર. શાહ

**મોહ-મદ-માયાના અતિક્રમણથી પીડિત માનવના જીવનમાં 'સંક્રમણ'નો વિચાર પણ ચેતનાની ચિનગારી પેટાવે છે**

ઇશ્વરે પ્રકૃતિ સર્જી. પ્રકૃતિમાં સ્થિરતા અને ગતિ - એ બંને તત્ત્વો મૂક્યાં. અવિચલતા અને ચલતા, નિરપેક્ષતા અને સાપેક્ષતા એવી બંને સ્થિતિનો બોધ પ્રકૃતિ કરાવે છે. પ્રકૃતિની અસંખ્ય શ્રેષ્ઠ કૃતિઓમાંની એક 'સૂર્ય' છે.

'સૂર્ય આત્મા જગતસ્યસ્થુષશ્ચ ।'.... (ઋગ્વેદ)

સૂર્ય સમસ્ત બ્રહ્માંડનો આત્મા છે, જીવસૃષ્ટિનો આધાર છે. જગતનો મિત્ર એવો એક તેજપુંજ સહસ્ત્રરશ્મિ છે, તેજકિરણોનો ભંડાર છે. સાત-સાત રંગનાં અશ્વોની લગામ પકડીને કરોડો માઇલોની યાત્રા કરીને આવતું શ્વેત તેજકિરણ સૂર્યનો સંદેશો લઇને ધરતી પર અવતરે છે...

- કર્મ એ પૂજા છે, કર્મયોગી બનો.
- ગતિ એ શક્તિ છે, ગતિશીલ બનો.
- સાતત્યમાં સિદ્ધિ છે, સાતત્યને વરો.
- પરહિતાય પ્રજળવાના આનંદને પામો.
- પ્રકાશ આપતા રહો, આનંદને પામો.

તેજ જેન ધર્મ અને ગુણધર્મ છે એવા સૂર્યનારાયણને પણ પ્રકૃતિની લીલાએ અધોગતિ અને ઊર્ધ્વગતિમાં વિરહવું પડે છે અને સંક્રમણ કરવું પડે છે... તો આપણું સંક્રમણ ક્યારે?

સંક્રમણ એટલે શું?

આ મહત્ત્વનાં પ્રશ્નો છે.

મોહ-મદ-માયાના અતિક્રમણથી પીડિત માનવના જીવનમાં 'સંક્રમણ'નો વિચાર પણ ચેતનાની ચિનગારી પેટાવે છે.

આ નો ભદ્રા ક્રતવો યન્તુ વિશ્વતઃ ।

મળી રહો, સર્વ દિશાએથી, વિચારકણો શુભ્ર અને શુભ. કેવી સુંદર વેદોક્તિ!

સંક્રમણની પ્રક્રિયામાંથી ઉદ્ભવેલો આ વિચાર છે.

સંક્રાંતિ એટલે સમ્યક્ ક્રાંતિ.

સંક્રાંતિને વિચારકોએ સમ્યક્ ક્રાંતિ તરીકે ઓળખાવી છે. ક્રાંતિ એટલે પરિવર્તનની ઝંખના. પણ ભારતીય કલ્પના કેવળ પરિવર્તન ખાતર પરિવર્તનની ઝંખના નથી, શુભ-કલ્યાણકારી પરિવર્તનની ઝંખના છે. ક્રાંતિમાં હિંસાનો રણકાર નથી, સમજદારીનું સામ્રાજય જ પ્રવર્તે છે.

આવી સમ્યક્ ક્રાંતિના સ્ત્રષ્ટા હતા સ્વામી વિવેકાનંદ. પ્રકૃતિ પણ કેટકેટલા સંકેતોને ધારણ કરીને બેઠી છે! સંક્રાંતિના પર્વના દિવસે જ ક્રાંતિના એ મહાન જનકને જન્મ આપ્યો. ૧૯૮૩ની ૧૨મી જાન્યુઆરી... મકરસંક્રાતિ! ક્રાંતિ જેના ચરણ ચૂમતી હતી એ સ્વામી વિવેકાનંદના બાળપણનો એક પ્રસંગ...

શાક સમારવા માટે માતાએ બાળ નરેન્દ્ર પાસે ચપ્પું માગ્યું. નરેન્દ્રએ ચપ્પુની ધારવાળો લોખંડનો ભાગ પોતાના હાથમાં રાખી લાકડાના હાથાવાળો ભાગ માતાનાં હાથમાં મૂક્યો. માતાએ નરેન્દ્રને પ્રેમથી પસવારી અભિવાદન કરતા કહ્યું, 'તું મારી પરીક્ષામાં પાર ઊતર્યો છે. ચપ્પુ મને વાગી ન જાય એ રીતે હાથમાં આપવાનો તારો મનમાં આવેલો વિચાર તને શ્રેષ્ઠત્વ તરફ દોરી જશે. પોતાની દરેક કૃતિમાં સર્વનો વિચાર કરનાર જ સેવા કરી શકે. તું જગતમાં ક્રાંતિનાં બીજ વાવી શકશે.'

જે વૈચારિક સંક્રમણે આઇરીશ કન્યા માર્ગારેટ નોબેલને ભગિની નિવેદિતા બનાવી એ પ્રક્રિયા તો જુઓ! ચર્ચા ચાલી રહી હતી. 'અહમ' પર. ભગિની નિવેદિતાએ સ્વામી વિવેકાનંદને કહ્યું, 'મારૂં હુંપદ તો મને જોઇએ જ. હંમેસ માટે હું મારી જાતને અનંતમાં વિલુપ્ત કરવા માંગતી નથી. મારી જાતને મિટાવી દેવાના વિચારથી જ હું વ્યથિત થઇ જાઉં છું.'

સ્વામી વિવેકાનંદ સ્વાભાવિક સ્મિત સાથે સાંભળતા રહ્યા. પછી ગંભીરતાથી બોલ્યા, "એક દિવસ એક જળબિંદુ અફાટ સાગરમાં પડીને તમારી જેમ જ રડવા લાગ્યું. પોતાની સ્વતંત્રતા માટે તે વ્યાકુળ થઇ ઉઠ્યું. તેની અધીરતા જોઇ સાગર બોલ્યો, "મારામાં ભળી જઇને તો તું તારાં અસંખ્ય ભાઇ-બહેનોની સાથે ભળી ગયું છે... અને હું પણ તમારા બધાના મિલનથી જ બન્યો છું. વાસ્તવમાં સાગર તો તમે જ છો. જો તું મારાથી સ્વતંત્રતા ઇચ્છતું હોય તો સૂર્ય-કિરણોની મદદથી ઉપર આકાશમાં જઇને વાદળને મળ. પછી ત્યાંથી આશીર્વાદના રૂપમાં આ તરસી ધરતી પર ઉતરી આવ."

ભગિની નિવેદિતનાં અંતર્ચક્ષુ ખુલી ગયાં. વ્યક્તિત્વના નગણ્ય રૂપમાં હવે તેમને વિરાટ રૂપ નજરે પડવા લાગ્યું. ગુરૂના શબ્દોએ તેમની શંકાનું સમાધાન કરી દીધું.

વિશ્વની પ્રત્યેક મહાન વ્યક્તિ કોઇ ચોક્કસ સંક્રમણ પ્રક્રિયાનું જ પરિણામ છે. સંક્રમણ અતિ મહત્ત્વનો શબ્દ છે. એક સ્થિતિમાંતી વધુ શ્રેયસ્કર સ્થિતિમાં જવું એટલે સંક્રમણ. સંક્રમણની પ્રક્રિયા ધીમી હોવા છતાંય નિશ્ચિત દિશામાં દૃઢપણે આગળ વધતી રહે છે. આપણાં શાસ્ત્રોમાં સંન્યસ્ત - દીક્ષા ગ્રહમ કરવા માટે મકરસંક્રાતિ એ શ્રેષ્ઠ મુહૂર્ત મનાય છે. સંન્યાસ લેવાનો નિર્ણય એક પ્રકારનું સંક્રમણ છે તો સમાજ-ધર્મ વ્રત ધારણ કરીને અખંડ પરિશ્રમ કરતા રહેવું એ પણ સંક્રમણ જ છે. પ્રકૃતિમાં કંઇક ઓછું થાય ત્યારે વિકૃતિ અને કંઇક ઉમેરાય એટલે સંસ્કૃતિ કહેવાય. આ ઉમેરો એટલે સંક્રમણ.

જીવનની દિશાનો બોધ એટલે સંક્રમણ.

જીવન-ધર્મનો સાક્ષાત્કાર એટલે સંક્રમણ.

શ્રેય અને પ્રેયમાંથી શ્રેયની પસંદગી એટલે સંક્રમણ.

વ્યક્તિધર્મ રાષ્ટ્રધર્મમાં પરિણમે એટલે સંક્રમણ. આત્મકેન્દ્રિતા સમાજાભિમુખતામાં પરિમણે એટલે સંક્રમણ. વેદના જયારે સંવેદના બને ત્યારે સંક્રમણ. વ્યક્તિધર્મ જયારે સમષ્ટિધર્મમાં વિરમે ત્યારે તે સંક્રમણ. ભોગનો ક્ષય અને ત્યાગની વૃદ્ધિ એટલે સંક્રમણ. પ્રારબ્ધના સ્વપ્નામાંથી પુરૂષાર્થની ધરતી પર અવતરણ એટલે સંક્રમણ.

અજ્ઞાનની ગર્તામાંથી જ્ઞાનના શિખર તરફથી ઊર્ધ્વગામી ગતિ એટલે સંક્રમણ.

અંધશ્રદ્ધાના કુંડાળામાંથી આત્મશ્રદ્ધાના તેજવલયમાં પદાર્પણ એટલે સંક્રમણ.

પણ... સંક્રણનો માર્ગ કપરો છે... ક્યારેક કોઇનોય સાથ ન પણ મળે... પણ, એકલો જાને રે...

જૈન તત્ત્વચિંતક પૂ. શ્રી રત્નસુંદરજીએ ઉદ્બોધ્યું છે કે, "તળેટી પર જેટલી ભીડ જોવા મળશે એમાંથી પચાસમાં ભાગની ભીડ પણ શિખર પર તમને જોવા નહીં મળે; આ વાસ્તવિકતા એમ કહે છે કે ઉર્ધ્વ દિશાની યાત્રામાં સંખ્યાવૃદ્ધિની આશા ક્યારેય રાખશો નહીં."

●●●

**બારી પશ્ચિમની,**
**સૂર્યોદયદર્શન અસંભવિત.**
**વલણ નકારાત્મક**
**મનની પ્રસન્નતા અસંભવિત**
**- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ**

# હિંદુ રાષ્ટ્રવાદ : યે કહાં આ ગયે હમ...

**કોફી હાઉસ**

- ઉત્સવ પરમાર

ભારતીય રાજનીતિની ગરમાતી હવાઓમાંથી વર્ષો પહેલાં સડવા માટે ફેંકી દેવાયેલા શબ્દોની તામસિક વાસ આવી રહી છે. લોકતંત્ર સહી ના શકે એટલી તીવ્ર. પણ આ દેશનો આમ આદમીનો કંટાળો અને બળાપો પણ આ જ હવામાં શ્વાસ લેતો થઇ ગયો છે. કોઇ ગંભીર રોગનાં લક્ષણો બતાવવા હોય, તેવા બીમાર અખબારો રોજ સવારે બેજાન - મુર્દા દરવાજાઓ પર અથડાય છે - આપણી ઘડિયાળાં કદી ના રોકાતો સમયે રાત્રે બે ઘડી ટીવી સ્ક્રીન સામે ઊભો રહે છે ને છાતિમાં ના સમાય એટલી નિરાશાઓ સાથે આંખોમાં ઘેન ભરી દે છે. આ ભારતીય લોકતંત્રએ ઊંઘની ગોળીઓ ને ઘેનનાં અફીણમાં જગાડતા નેતાઓ આપ્યા છે... અને આવું જ એક અફીણી ઘેન ધરાવતો શબ્દ છે - હિંદૂ રાષ્ટ્રવાદ!!

હિટલર કહેતો કે, નેતા બનવું છે? તો ભય પેદા કરો. ભારતમાં ભયની રાજનીતિ ચાલી રહી છે - પોલિટીક્સ ઓફ ફીઅર...

સમાજમાં દરેક સ્તરમાં અલગ-અલગ લેબલો નીચે આ રાજનીતિ ચાલે છે. ક્યાંક માઇનોરીટી મેજોરીટીથી ધ્રુજે છે, ક્યાંક મેજોરીટીને માઇનોરીટીની બીક છે. 'એ' જાતિ 'બી' ને આંખ દેખાડે છે, ટેબલ પરનો ચોવીસ વર્ષ જૂનો કલાર્ક કોઇક કામે આવેલાં ગામડાનાં નવાં છોકરાને બીક બતાવે છે, ભાડાનાં માઇકો પરથી ખરીદેલી ભીડો પર ફૂગ લાગેલા શરીરવાળો કોઇ મહોદય પાર્ટીના બે પૈસાનાં લાલ-ગુલાબી ચોપાનિયાઓ પર છાપેલી બીક કાનોમાં રેડે છે... કદાચ સાંઇઠ-સાંઇઠ વર્ષોથી ભારતીય કિટલીઓનાં પાકા કાન ભારતીય રાજનીતિનો એક જ નિષ્કર્ષ સાંભળે છે... તમે બી એ જ વાતો કરો છો, હે ને?

૪૨માં બંધારણીય સુધારામાં એક અદ્ભૂત શબ્દ ભારતીય બંધારણનાં આમુખની શોભા બન્યો, એ મુજબ ભારત એક બિન-સાંપ્રદાયિક દેશ છે - સેક્યુલર નેશન. બેમ્મઇ કેસમાં સુપ્રીમ કોર્ટનાં ચુકાદાનાં શબ્દો આ દેશનાં નેતાઓ સાંભળે તો 'ય લોકતંત્ર તરી જાય. સુપ્રીમ કોર્ટ બિન સાંપ્રદાયિકતાને ભારતની મુળભૂત બંધારણીય વિશેષતા કહી... અર્થાત્ ભારતની સંસદ એટલે કે આપણાં ચૂંટેલા જનપ્રતિનિધિઓ કોઇ પણ એવો કાયદો કે બંધારણીય સુધારો પસાર ન કરી શકે, જે બિનસાંપ્રદાયિકતાનાં મૂળભૂત તત્ત્વને હાનિ પહોંચાડતો હોય. સુપ્રીમ કોર્ટની એક લીટી વર્ષોથી સાંપ્રદાયિકતાનાં કીચડમાં ખદબદતાં દેશમાં ક્યારેક થોડી નિરાંત અપાવે ખરી પણ હજી કીચડ સાફ થયો ખરો? સાંપ્રદાયિકતાનો સ્પષ્ટ ભારતીય અર્થ - હિન્દુ - મુસલમાન છે... આ જાહેર થયેલું ખાનગી સત્ય છે.

એક સમન્વય પામેલી સંસ્કૃતિને અંગ્રેજી ચાલબાજીઓએ તોડી નાખી - હુલ્લડ કે કોમી તોફાન જેવી પ્રથમ ઘટના સૌ પ્રથમ બ્રિટીશ રાજ દરમિયાન બની નહીં કે મુઘલ કાળ કે દિલ્હી સલ્તનતનાં સમયમાં...!! ઇતિહાસનાં સગવડીયા પ્રકરણો સિવાય નેતાઓ પાના ઉથલાવે છે ખરાં?આ હિંદુ શબ્દ ક્યાંથી આવ્યો? વેદમાં હિંદુ નથી, ઉપનિષદમાં નથી, રામાયણ મહાભારતમાં પણ નથી... નવાઇ લાગશે... પણ રામને ખુદને ખબર ન હતી કે તે હિંદુ છે... કારણ કે હિંદુ શબ્દ રામાયણનાં અંતિમ સંકલન પછી ઘણાં વર્ષે મધ્યકાલીન ભારતમાં આરબોનાં આગમન પછી આવ્યો. સિંધુ નદીનાં કિનારે વસતાં લોકો માટે સિંધુનાં અપભ્રંશ જેવો હિંદુ શબ્દ કોઇ આરબનાં મોઢામાંથી સૌ પહેલાં સરી પડ્યો... છે ને અદ્ભૂત! વળી, ફારસીમાં હિંદુ એટલે કાળો એવો અર્થ પણ મળે છે.

હજી ભારતીયોને બરોબર હિંદુ છે કે બરોબર મુસલમાન થતાં નહતું આવડ્યું. ૧૮૫૭નાં વિપ્લવમાં પણ નહીં. પણ આ તો કર્મન, મોર્લે-મિન્ટો આવ્યા, જિન્નાહ આવ્યા, વિ.હિ.પ., રા.સ્વ.સં. જેવા નામો ભારતીય ઇતિહાસનાં પાનાઓ પર સરેઆમ છપાતા જતાં હતા અને ભારતીય આમ આદમી શીખી રહ્યો હતો હિંદુ કેમ થવાય - મુસલમાન કેમ થવાય... ૧૯૪૭ સુધીમાં તો વિશેષજ્ઞતા આવી ગઇ.... પાક્કો હિન્દુ ને પાક્કો મુસલમાન થતાં આવડી ગયું હતું ભારતીય ને. હવે વાંધો ન હતો - બે સ્વતંત્ર રાજયો - અસ્તિત્વમાં આવી ગયા હતા.... લોકતંત્રને પોતાની ધૂન પર નચાવવા વાળા મદારીઓની નવી જમાતો પેદા થઇ રહી હતી... નેતાઓ હાથમાં હિન્દુ - મુસલમાન નામની જાદુઇ છડી આવી જવાની હતી.... અને આવી ગઇ!!

...પછી તો માણસોનાં જ નહીં થાળીઓનાં ય ધર્મ પડ્યા, ઇંટોના 'ય ધર્મ થયાં, સાવ મામૂલી સૂતરની આંટીઓ ને ગળે લટકાવેલી માદળિયાઓને પણ ધરમ મળી ગયા... ફક્ત ચપ્પા અને ખંજરોને જ ધર્મ નહોતા મળ્યા, ફક્ત ગરીબી ને ભૂખને હજી હિન્દુ મુસલમાન થતાં આવડ્યું ન હતું, હજી લાચારીને બેરોજગારી. સંપૂર્ણ સેક્યુલર રહી શકી હતી... આજે પણ છે...!!

ઉત્તરમાં કોઇ પૌરાણિક સ્થળ પર મંદિર બને તો ધારાવીની ઝૂંપડીમાં દર ચોમાસે પલળતાં મજૂરનાં ઘરની રોનક બદલાશે? ધર્મનાં નામે સળગતાં મકાનોએ કોનાં જીવનમાં અજવાળું કર્યું છે? સગી આંખો સામે તરફડતાં હજારો આદમીઓનાં ધબકારાથી નહીં પણ અઝાનો ને આરતીઓમાં ભાવવિભોર થઇ જતાં માણસે બીજા માણસને શું આપ્યું? લો ને, પેલા સવજીની ભૂખ મટલી હોય ને તો બનાવી નાખો હિંદુ ભારત, પેલી લારી પર ચા આપતાં ટેણીની બદ્તર જિંદગીને જો સ્કૂલનાં દરવાજે જવા મળતું હોય તો બનાવી દો મુસ્લિમ ભારત...!!

ઓ સાહેબો... તમે બવ મોટા! મારી વાત સાંભળો ને ચર્ચનાં બેલ, મંદિરનાં ઘંટ કે મસ્જિદની બાંગોથી વધુ પવિત્ર છે - સ્કૂલનાં બેલ!!

તમે ક્યારે કહેશો કે દેશનો એક પણ છોકરાને અભણ નહીં રહેવા દઇએ? તમે ક્યારે કહેશો કે આ દેશનો મજૂર કમ સે કમ રાતે તો ભૂખ્યા પેટે નહીં જ સૂવે...? તમે ક્યારે કહેશો... ભગવાનોને પછી ખુશ કરજો... પ્લીઝ! પહેલાં માણસોને કરી દો ને...

●●●

સત્યમ, શિવમ્ સુંદરમ્

- ch9723367947@yahoo.com

# મહારાજ, આ આપણા ગામનો કૂતરો લાગતો નથી, આપણા ગામમાં સૌની પૂંછડી વાંકી છે, આની પૂંછડી સીધી છે, આ જરૂર કોઈ ચોર લાગે છે

**ડાઘિયાની પૂંછડી વાંકી**
**- બાળ-વાર્તા**

- રમેશ પારેખ

કૂતરાનું ગામ. એમાં એકલા કૂતરાઓ રહે. મોજમજા કરે. ગામમાં ધોળું ધોળું ને ગોટમટોળ ગલૂડિયું રહે. એનું નામ ડાઘિયો. ડાઘિયાને પોતાની વાંકી પૂંછડી ન ગમે. એને થાય : પૂંછડી સીધી રહેતી હોય તો કેવી સરસ લાગે!

ડાઘિયો માને કહે : 'મા, મા, આ પૂંછડી સીધી કરી આપને... મને વાંકી પૂંછડી જરાય ઘમતી નથી.'

પછી ડાઘિયો બાપા પાસે જાય. બાપા તો ખિજાતા : 'અરે અક્કલના ઓથમીર, તારે પૂંછડી સીધી કરવી છે એમ? વાંકી પૂંછડી ન ગમતી હોય તો કપાવી નાખ ને બાંડિયો બની જા.'

ડાઘિયો દોસ્તાને પૂછે : હેં, પૂંછડી સીધી કરી નાખવી હોય તો કેમ કરતાં કરાય?


દોસ્તાર તો હસી પડે. કહે : 'અરે ડાઘિયાભાઇ, પૂંછડી સીધી કરવી હોય તો એની સાથે લાકડી બાંધી રાખ.' ડાઘિયો પૂંછડીને લાકડી સાથે બાંધી જુએ. પણ એમ તે પૂંછડી સીધી થતી હશે?

પછી એને એક ઉપાય જડ્યો. પૂંછડીને સીધી કરીને ધૂળમાં દાબી રાખે. સાંજે બહાર કાઢીને જુએ, પણ પૂંછડી તો વાંકી ને વાંકી.

અંતે એક દિવસ ડાઘિયો રડતો રડતો ભગવાન પાસે ગયો.

ડાઘિયો કહે : 'ભગવાન! મને આ વાંકી પૂંછડી ગમતી નથી. મારે પૂંછડી સીધી કરવી છે. તમે સીધી કરી આપશો?'

ભગવાન કહે : 'એમાં શું? લાવને સીધી કરી આપું. એમ કહીને ભગવાને છૂ કરતી ફૂંક મારી તો પૂંછડી સીધી...'



ડાઘિયો પૂંછડી જોઇને રાજી રાજી થઇ ગયો. એ તો આવ્યો ગામમાં. સૌને પૂંછડી દેખાડતો જાય ને હરખાતો જાય.

પણ એની પૂંછડી જોઇને કોઇ રાજી ન થયું ને કોઇએ એને શાબાશીયે ન આપી. માને પૂંછડી દેખાડી તો મા ખિજાણી. બોલી : 'અરરર... આ તેં શું કર્યું? સીધી પૂંછડી સારી ન દેખાય. જા, જા... હતી તેવી કરાવી લાવ.'

ડાઘિયો બાપા પાસે ગયો. બાપ ઓટલે બેઠો બેઠો ઊંઘતો હતો. ડાઘિયાએ તેને જગાડ્યો તો તાડૂક્યો... કેવી સીધીસટ બની ગઇ છે...

બાપે આંખ ખોલી જોયું. ડાઘિયાની સીધી પૂંછડી જોઇ તે બરાડ્યો : 'મૂરખ, તેં તો પૂંછડીનું સત્યાનાશ વાળી નાખ્યું. આવું ડહાપણ ડોળવાનું તને કહ્યું 'તું કોણે? હમણાં ને હમણાં ઘરમાંથી ચાલ્યો જા...' એમ કહી તેણે ડાઘિયાને ઘરની બહાર કાઢી મૂક્યો.

ડાઘિયાને કોઇ બોલાવે નહીં. ઘર પાસે ઊભો રહેવા દે નહીં. 'સૌ ભાગ અહીંથી' એમ કહીને ભગાડે.

ડાઘિયો આમથી તેમ રખડે. એને ખૂબ ખૂબ ભૂખ લાગી. પણ એને ખાવાનું કોણ આપે? બધા એને કાઢી મૂકતા હતા.

રસ્તે ચાલતાં સામે રાજાના સિપાહી મળ્યા. તેણે ડાઘિયાન સીધી પૂંછડી જોઇ તેને પકડ્યો ને દોરડાથી બાંધી રાજા પાસે લઇ ગયા. કૂતરાના ગામમાં રાજા પણ કૂતરો. મોટી મોટી આંખોવાળો ને મોટી મોટી મૂછોવાળો. રાજાએ પુછ્યું : 'આને કેમ પકડી લાવ્યા છો?'

સિપાહી કહે : 'મહારાજ, આ આપણા ગામનો કૂતરો લાગતો નથી. આપણા ગામમાં સૌની પૂંછડી વાંકી છે. આની પૂંછડી સીધી છે. આ જરૂર કોઇ ચોર લાગે છે.'

ડાઘિયો રહી પડ્યો : 'મહારાજ, હું કોઇ ચોર નથી. ભગવાને મારી પૂંછડી સીધી કરી આપી છે...'

રાજા ગુસ્સે થયો. બોલ્યો : 'તે મારી રજા સિવાય તારી પૂંછડી ભગવાન પાસે સીધી કેમ કરાવી? હું તને સજા કરૂં છું...' એમ કહી તેણે સિપાહીઓને હુકમ કર્યો કે ગામના બધા કૂતરાઓને અહીં ભેગા કરો.

ગામના કૂતરાઓ ભેગા થયા. રાજા બોલ્યા : 'આ સીધી પૂંછડીવાળા ડાઘિયાને સૌ જોરથી એક એક બચકું ભરો અન એટલે એની અક્કલ ઠેકાણે આવે.'

ડાઘિયો રડી પડ્યો. કોઇને દયા આવી નહીં. સૌ તૂટી પડ્યા ને બચકાં ભરવા માંડ્યા.

સૌ એક એક બચકું ભરીને ચાલ્યા ગયા. ડાઘિયો લોહીલુહાણ થઇ ગયો. એવું દુઃખે કે ચીસ પડાઇ જાય. પેટમાં ભૂખ પણ લાગી હતી. એનાથી ઊભાયે થવાતું નહોતું.

એ તો હતો ત્યાં પડી રહ્યો. એક દિવસ... બે દિવસ... ત્રણ દિવસ... એક કરતાં કરતાં સાત દિવસ વીતી ગયા. ડાઘિયાને ખાવાનું મળ્યું નહીં. બચકાં ભર્યાં હતાં એ બધા પાક્યા. ડાઘિયો સહેજ હાલીચાલીયે ન શકે. એ તો એકલો એકલો રડ્યા કરે.

અંતે એક દિવસ માંડ માંડ ઊઠ્યો. ઊઠીને ભગવાન પાસે ગયો.

ભગવાન કહે : 'વળી શું છે તારે?'

ડાઘિયો રહી પડ્યો, બોલ્યો : 'ભગવાન, મારી પૂંછડી હતી તેવી વાંકી બનાવી દો.'

ભગવાન કહે : કેમ - કેમ?

ડાઘિયો કહે : 'મારી સાથે કોઇ બોલતુંય નથી.'

ભગવાન બોલ્યા : 'ઠીખ ત્યારે. લાવ તારી પૂંછડી વાંકી બનાવી આપું. એમ કહી છૂ કરતી ફૂંક મારી. ડાઘિયાની પૂંછડી વળી પાછી હતી તેવી વાંકી થઇ ગઇ.'

ડાઘિયો ઘેર ગયો. તેની વાંકી પૂંછડી જોઇ સૌ રાજી થયા. મા બોલી : 'વાહ, હવે તું ડાહ્યો.'

બાપા કહે : તું આવી ગયો? હવે ફરી વાર પૂંછડી સીધી કરવાની મૂરખાઇ કરીશ મા.

ટોમી કહે : 'હવે તું મારો દોસ્ત, હવે હું તારી સાથે રમીશ.'

બધા રાજી રાજી થઇ ગયા. એક ડાઘિયો રાજી થયો નહીં. એને તો વાંકી પૂંછડી હજીય ગમતી નથી પણ શું કરે? તે કોને કહે?